## કતારગામ વિસ્તારમાંથી અન્ય વ્યક્તિના આઈ-ડી પ્રૂફ ઉપર પ્રિ-એકટીવ કરેલ સિમકાર્ડનુ વેચાણ કરતા ઈસમને ઝડપી પાડતી, સુરત શહેર એસ.ઓ.જી. ટીમ.

શહેર વિસ્તારમાં મોબાઈલ દુકાનદારો અન્ય વ્યકિતના નામે એકટીવ કરેલ સિમકાર્ડ આઈ-ડી પ્રૂફ વગરના ગ્રાહકોને સિમકાર્ડ ગેરકાયદેસર રીતે વેચાણ કરતા હોય તે આરોપીઓને શોધી કાઢવા એસ.ઓ.જી.ના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ASI અનિલભાઈ વિનજીભાઈ નાઓને બાતમી મળેલ કે, “કતારગામ ઓવર બ્રીજની નીચે પીપલ્સ ચાર રસ્તા નજીક, વૃંદાવન સોસાયટીના ગેટની બાજુમાં મેઈનરોડ પર જાહેરમાં-ટેબલ છત્રી લગાવી એક ઈસમ નામે યાસીન વ્હોરા પોતાના આર્થિક લાભ સારૂ પોતાની પાસે નવા સીમકાર્ડ લેવા આવતાં ગ્રાહકોના આધારકાર્ડ તથા ગ્રાહકોના ફોટોગ્રાફ પાડી તે ફોટાઓ મોબાઈલ સીમકાર્ડ વેચતી અલગ અલગ કંપનીઓની એપ્લીકેશનમાં ઓનલાઈન મોકલી તેનુ પોતાના મોબાઈલ ફોનથી વેરીફિકેશન કરાવી તે ગ્રાહકોના આઈ.ડી.નો ઉપયોગ કરી તેવા ગ્રાહકના નામના અલગ અલગ કંપનીઓના સીમકાર્ડ પ્રિ-એકટીવ કરાવી પોતાની પાસે રાખી જેની પાસે આઈડી પ્રુફ ન હોય તેવા ગ્રાહકોને આવા પ્રિ-એકટીવ કરેલ સીમકાર્ડ રૂ.૧૭૦/- માં વેચાણ કરે છે.” જે બાતમી આધારે સદરહુ જગ્યાએ રેઈડ કરી આરોપી યાસીન ઈકબાલભાઈ વ્હોરા ઉ.વ.૨૩ ધંધો- છુટક વેપાર રહે. ઘર નં.૪૦૭, ચોથા માળે હુમા રેસીડેન્સી, વરિયાળી બજાર પોલીસ ચોકી પાસે, સુરતવાળાને પકડી પાડી તેની પાસેથી અલગ અલગ કંપનીના આવા પ્રિ-એક્ટીવ કરેલ સીમકાર્ડ નંગ-૧૩ કિં.રૂ.૧૩૦૦/- તથા ઓનલાઈન વેરીફીકેશન માટેનો મોબાઈલ ફોન નંગ-૦૧ કિંમત રૂ. ૧૦,૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૧૧,૩૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધમાં IPC કલમ ૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબનો ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.